પી-૧૧

તારીખ: ૭-૨-૨૦૨૦. શુક્રવાર નોબત

## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા

# ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ-સાયબર સિક્યોરિટી અંગે સેમિનાર યોજાયો




જામનગર તા. ૭: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વ્યાપારીઓ તથા ઉદ્યોગકારોમાં ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (આઈપીઆર) તથા ટ્રેડ માર્ક અને કોપીરાઈટ તથા હાલના સમયમાં થઈ રહેલ સાયબર ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી તા. ૨૫-૦૧-૨૦૨૦ના ચેમ્બરમાં આઈપીઆરના ફાયદા, હેતુઓ તથા તેના વ્યાપ અંગે તથા સાયબર સિક્યોટીરી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં વકતા તરીકે ગૌરવભાઈ પંડયા, (એડવોકેટ) ની ટીમ દ્વારા ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (આઈપીઆર) બાબત ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને પેટન્ટ અંગે, લોગો ડીઝાઈન કરવા અંગે રિતેશભાઈ નથવાણી તથા રાજીવભાઈ વૈશ્નવ દ્વારા સાયબર સિક્યોરીટી, કલાઉડ કોમ્પ્યુટીંગના ટેકનિકલ પોઈન્ટ તથા લીગલ પોઈન્ટ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ ઉપસ્થિત મહેમાનો તથા સર્વે સભ્યો, વિદ્યાર્થીઓ વગેરેનું સ્વાગત કરતા જણાવેલ કે આજના યુગમાં ડીઝીટલ ક્રાંતિ થઈ રહી છે તેવા સંજોગોમાં સાયબર ક્રાઈમ વધી રહ્યું છે. લોકોના બેન્ક ખાતા હેક થાય છે, ખાતામાંથી રૂપિયા ઉપડી જાય છે અને કોમ્પ્યુટર હેક કરવામાં આવે છે .તે સંજોગોમાં લોકોમાં જાગૃતિ આવે અને આવા ગુના રોકાય તે માટે ચેમ્બર દ્વારા સેમિનારનુ આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં ઉપસ્થિત મહેમાનોનું સંસ્થાના હોદ્દેદારોએ બુક તથા મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું તથા આઈટી પેનલના સભ્ય સત્રીભાઈ ભાડલાવાળાએ સંસ્થાનો પરિચય આપ્યો હતો. ગૌરવભાઈ પંડયા તથા રિતેષભાઈ નથવાણીનો પરિચય ડો. મેઘા પંડયાએ તથા રાજીવભાઈ વૈશ્નવનો પરિચય સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે લોગોની ડિઝાઈન કરવાની રીત, લોગોથી કંપનીની એક અલગ ઓળખ ઉભી થાય છે આથી કંપનીના નામ તથા તેની પ્રોડકટસ અનુસાર લોગો ડિઝાઈન કરવા અંગે સમજણ આપી હતી, ત્યાર પછી ગૌરવભાઈ પંડયા, એડવોકેટે આઈપીઆર ટ્રેડ માર્ક, કોપી રાઈટ પેટન્ટ બ્રાન્ડ શું છે તથા તેનાથી થતા ફાયદા વિશે સમજણ આપી હતી તથા રજીસ્ટ્રેશન બાબત છણાવટપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. રાજીવભાઈ વૈશ્નવ, આઈટી એકસ્પર્ટે મોબાઈલમાં ફીગર, પીન લોક, ડીવાઈઝ અપડેઈટ, કોમ્પ્યુટરનું બેકઅપ સમયસર લેવા વિશે, કોમ્પ્યુટરમાં અમુક વેબસાઈટ બ્લોક કરવા, પોનોગ્રાફી, ટેરેરીઝમ સાઈટ વિગેરે બ્લોક કરવા, સોશ્યલ એન્જીનિયરીંગ એટેક, ભીમ એપ/યુપીઆઈ એપ્લીકેશનથી પૈસા ઉપડી જવા તથા કોમ્પ્યુટરમાં વાયરસ દાખલ કરી ડેટા હેક કરી રેન્સમવેર બાબતો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી આવી સમસ્યાથી કેવી રીતે બચવું તથા મુશ્કેલીઓ દૂર કરવા સમજણ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે આભારદર્શન સંસ્થાના માનદ સહ મંત્રી કૃણાલભાઈ શેઠે આભાર દર્શન કર્યું હતું.